# આર્થિક ઉન્નતિ એટલે લક્ષ્મીદેવીની ચમત્કારિક કૃપા મળે એ માટેની ચમત્કારિક ગુરૂચાવી

**- ૐ ઋષિ પ્રિતેશભાઇ**

આજના યુગમાં ખૂબ જ મહત્વની જરૂરિયાત હોય તો તે છે ધન. તેના વગર કોઇપણ કાર્ય શક્ય નથી. ધર્મકાર્ય કરવા માટે પણ આજના યુગમાં ધનની જરૂર પડે છે તેમજ દરેક મનુષ્યને પોતાની પ્રાથમિકથી માંડીને ઉચ્ચ કક્ષા સુધીની જરૂરિયાત પરિપૂર્ણ કરવા માટે પણ ધનની આવશ્યકતા હોય છે. આ જરૂરિયાત ચાહે આરોગ્યને લગતી હોય, સામાજિક વ્યવહાર માટેની હોય, ઘર ચલાવવા માટેની હોય, સંતાનને ભણાવી ગણાવીને મોટો કરવા માટેની હોય, ભૌતિક હોય, ધંધાકીય હોય કે ચાહે ધાર્મિક હોય આમાંનો કોઇપણ વ્યવહાર પૈસા વગર શક્ય નથી. ભલે આપણે જ્યાં ત્યાં કરીને આ બધા જ આર્થિક વ્યવહારનો પ્રબંધ કરીએ છીએ પરંતુ જો મંત્રશાસ્ત્ર જેવા અમોઘ શસ્ત્રનો ઉપયોગ કરી માં લક્ષ્મીદેવીની અસીમ કૃપાને પામી લઇએ તો મનુષ્યનાં તમામ આર્થિક વ્યવહારો સરળતાથી પાર પડી જાય છે. હું તમને મંત્રસાગરમાંથી આવા જ અમૂલ્ય મોતીરૂપ મંત્ર આપુ છું જેનાથી તમારો ધન વૈભવ પણ વધશે અને તમે તમારો આર્થિક વ્યવહાર પણ સરળતાથી અને કોઇપણ જાતની ચિંતા અને મુશ્કેલી વગર ચલાવી શકશો. કયા વારે કયો મંત્ર કઇ રીતે કરવો તેની વિગતવાર સમજૂતી નીચેમુજબ છે.

<u>સોમવાર</u> - ।। <u>ૐ સાજમ્ય સાજમ્ય જાવિતા નમઃ</u> ।।

આ મંત્ર ગણતી વખતે ચાર મગનાં, ચાર ચોખાનાં અને ચાર ઘઉંનાં દાણાં એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર 27 વખત ગણવો અને એકવાર ૐકાર ચાલીસા કરવા. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

<u>મંગળવાર</u> - ।। <u>ૐ ત્રુપાતુ ત્રુપાતુ વાદિકા નમઃ</u> ।।

આ મંત્ર ગણતી વખતે પાંચ વાલનાં, અને પાંચ ચણાનાં દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર 27 વખત ગણવો અને એકવાર ૐકાર ચાલીસા કરવા. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

<u>બુધવાર</u> - ।। <u>ૐ ત્રવલ્ય ત્રવલ્ય ત્રુલાકુ નમઃ</u> ।।

આ મંત્ર ગણાતી વખતે ચાર ચોખાનાં અને ચાર જવનાં દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર 27 વખત ગણવો અને એકવાર ૐકાર ચાલીસા કરવા. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

<u>ગુરૂવાર</u> - ।। <u>ૐ જાકત્ય જાકત્ય કુઠિતા નમઃ</u> ।।

આ મંત્ર ગણતી વખતે ચાર તુવેરનાં દાણા અને એક આખી સોપારી એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર 27 વખત ગણવો અને એકવાર ૐકાર ચાલીસા કરવા. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

શુક્રવાર - ।। ૐ સાદવ્ય સાદવ્ય સુજમ્ય નમઃ ।।

આ મંત્ર ગણતી વખતે પાંચ વાલનાં દાણા અને ચપટી મીઠું એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર 27 વખત ગણવો અને એકવાર ૐકાર ચાલીસા કરવા. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

શનિવાર - ।। ૐ ચુવાતુ ચુવાતુ સુજાકુ નમઃ ।।

આ મંત્ર ગણતી વખતે ચાર જુવાનો અને ચાર અડદનાં દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર 27 વખત ગણવો અને એકવાર ૐકાર ચાલીસા કરવા. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

રવિવાર - ।। ૐ દદત્ય દદત્ય દાવિત્ય નમઃ ।।

આ મંત્ર ગણતી વખતે સાત વાલનાં અને સાત ઘઉંના દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર 27 વખત ગણવો અને એકવાર ૐકાર ચાલીસા કરવા. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

આ મંત્રશક્તિનું એવું ચમત્કારિક પ્રમાણ આપને મળશે કે જે વસ્તુ મનુષ્યનાં જીવનમાં ખોરાક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે એ જ વસ્તુ મંત્રશક્તિનાં માધ્યમથી આર્થિક ઉન્નતિ સુધી તમને લઇ જશે અને એનું પ્રમાણ તમને સ્વયં મળશે જ.

ઉપરોક્ત વાર મુજબ આપેલ મંત્ર રોજ નિયમિત કરવાથી આપ માં લક્ષ્મીદેવીની અસીમ કૃપાને અવશ્ય પામી શકશો.

**।। ૐ નમઃ ।।**